৪৩৫৫

[illegible]
[illegible]

॥ श्रीः ॥

च-ा न्य य सभान -मुखे
अ पलो निर्णय

अथवा

આર્યન ધર્મ કુંડનો નિર્ણય.

લેખક,

विष्णु शास्त्री व्याकरणाचार्य.

अमदावाद-संस्कृत पाठशाला.

પ્રકાશક,

બોરસદવાળા વૈદ્ય.

શાસ્ત્રી. છગનલાલ દાદાભાઈ ભટ્ટ.

મુ. [illegible]

પ્રત. ૧૫૦૦, સંવત. ૧૯૬૯

કિ. [illegible]

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યો.

ન્યાય સભાને વિનંતિ પત્ર.

વે. શા. સમ્પન્ન વિષ્ણુશાસ્ત્રી વ્યાકરણાચાર્ય અને સભ્ય ગૃહસ્થો,

મારી સવિનય પ્રાર્થના છે કે, અમદાવાદના રહીશ અને મુંબઇના સરકારી વકીલ મી. લલ્લુભાઇ આશારામ શાહે આર્યન બ્રધર્સહુડમાં મુંબાઇમાં ભાગ લીધેલો તે બદલ ભરૂચમાં પ્રાયશ્ચિત લીધેલું અને તે કામમાં ભાગ લેનાર બ્રાહ્મણોને ભરૂચના બ્રાહ્મણોએ આ પ્રાયશ્ચિતમાં ભાગ લેવા બદલ પાતકી ઠરાવ્યા છે અને શિક્ષાને પાત્ર પણ કર્યા છે માટે ધર્મશાસ્ત્રના સિદ્ધાંતોને જાણવાની મને જરૂર પડી છે. આ પ્રાયશ્ચિત કરાવનારા બ્રાહ્મણો દોષવાન છે કે કેમ? એ બાબત સભા સમક્ષ નિર્ણય થવા મારી નમ્ર પ્રાર્થના છે.

કારણ—મુળ પ્રાયશ્ચિત કરનાર ધણી અમદાવાદી શ્રીમાળી વણીક છે અને તેની ન્યાતમાં જૈન ધર્મીઓની કન્યા ખપતી આવેલી છે ને ખપે છે અને પ્રાયશ્ચિત કીધા પછી પોતીકી ન્યાતમાં પાતકી ખપે છે અને વીચાર કરશો તો માલમ પડશે કે જે તેને માટે જે ઠરેલું છે યા કીધેલું છે તે યોગ્ય છે, એમ મને ભાસે છે.

આ મારો ધર્મ વિષયક પ્રશ્ન છે માટે ભ્રગુપુરસ્થ બ્રાહ્મણોએ તથા બીજા ધર્મની લાગણી ધરાવનારા જીજ્ઞાસુ ગૃહસ્થોએ પણ અવશ્ય પધારવા કૃપા કરવી.

આ સભા શાસ્ત્રીય વિષયની છે માટે શાસ્ત્રના જાણકાર પુરૂષોને પ્રમુખની આજ્ઞાથી બોલવાની છુટ છે.

આ સભા તા. ૨૪ મી જાનેવારી સને ૧૯૧૩ ને રોજ સાંજના કલાક ચારે, લલ્લુભાઇના ચકલા પાસે પ્રાઇવેટ સ્કુલવાળા મકાનમાં મળશે.

વૈદ્ય.

શાસ્ત્રી છગનલાલ દાદાભાઇ ભટ્ટ સહી દા. પોતે.

॥ શ્રીઃ ॥

ભરૂચની ન્યાય સભાના પ્રમુખે આપેલો નિર્ણય.

ભરૂચમાં તા. ૨૪ મી જાનેવારી સન્ ૧૯૧૩ ના રોજ હમોને આમંત્રણથી બોલાવીને જે બ્રાહ્મણોની ન્યાયસભા શાસ્ત્રી. છગનલાલ દાદાભાઈએ એકત્ર કરી હતી. તે સભામાં કરેલી અરજીના એકંદર મુદ્દા તપાસીને સભા તરફથી અરજદાર વિગેરે બ્રાહ્મણોને નિર્દોષી ઠરાવી દઇ છુટા કરેલા છે.

મુદ્દો ૧.

કારણ પ્રાયશ્ચિત્ત કરનાર પ્રાયશ્ચિત્ત કીધા પછી પોતાની ન્યાતમાં ખપે છે. એમ વિનંતિ પત્રમાં લખેલું છે, તે ઉપરથી અને શાસ્ત્ર આધાર પ્રમાણે પણ દ્વિજેતર વર્ણે પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઇને ન્યાતમાં ખપી શકવાનું દ્વિજેતર પૂરતુંજ સિદ્ધ થાય છે. આવા હેતુથી કદાચ પ્રાયશ્ચિત લેનાર દ્વિજેતર હોય એમ આ વખતે સભાએ માનવાને હરકત નથી. માટે તે કરેલું પ્રાયશ્ચિત અને તેમાં ભાગ લીધેલો તે વ્યાજબી છે. માટેજ અરજદારને આ સભા દોષીત કહી શક્તિ નથી. ઉલટા નિર્દોષી ઠરાવે છે. સારાંશ મનુસ્મૃતિ, મિતાક્ષરા, પ્રાયશ્ચિત્તેન્દુશેખર. વિગેરે ગ્રંથનો આશય તપાસતાં માલુમ પડે છે કે દ્વિજેતર વર્ણ પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ થઈ પછી ન્યાતમાં ભળી શકે છે. આ કારણથીજ ભાગ લેનારે ગેર વ્યાજબી કીધું, એમ કહી શકતા નથી. એટલે થયલું પ્રાયશ્ચિત્ત શાસ્ત્ર સંમતજ ગણી શકાશે. કારણ શાસ્ત્ર સંમતિના વચનો ઘણાં છે; તથા ગામના તમામ બ્રાહ્મણોએ અરજદારને જે દોષવાન્ ઠરાવેલો છે, તે કામ વ્યાજબી કીધેલું નથી, એટલે આ કામમાં ખુલ્લી રીતે કેવળ દ્વેષ કેળવાયલો છે. એમ આ વખતે સભાને ભાસે છે. કારણ આક્ષેપ (આરોપ) મૂકનારા બ્રાહ્મણો પોતે વિલાયતી દ્વિજના સાક્ષાત્ અથવા પરંપરાવડે સંસર્ગી છે. એમણે વીલાયતીને પાવન કરી લીધેલો છે. અને

તે પાવન કરવામાં પ્રતિગ્રહ કરેલો છે, ને કામ અયોગ્ય કીધેલું છે. તેવી વાત અરજદારની નથી. કારણ અરજદારે ન્યાતમાં ખપી શકે એવા યોગ્ય અધિકારી દ્વિજેતર ને પ્રાયશ્ચિત્ત આપેલું હશે. એમ પણ માનવાને હરકત નથી, એટલા માટે અરજદારે કીધેલું કામ અયોગ્ય ગણાશે નહિં. ઉલટું વ્યાજબી કીધું છે એમ હમારે આ વખતે કહેવું પડે છે. સારાંશ દ્વિજ. (એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય.) પ્રાયશ્ચિત્ત લીધા પછી પણ ન્યાતમાં શાસ્ત્ર વચનથી ખપી શકતા નથી. પણ વટલેલો શૂદ્ર જાતિનો માણસ હોય તો તે પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થઈ ન્યાતમાં ખપી શકે છે.

મુદ્દો ૨ જો.

શ્રુતિ, સ્મૃતિ, સદાચાર, ધર્મ સંપ્રદાય, લોકવ્યવહાર, બ્રહ્મસૂત્ર, તથા બ્રહ્મસૂત્ર ભાષ્ય. (એટલે ધર્મ સંસ્થાપક શંકરાચાર્યનું ભાષ્ય) ને ન્યાય નિર્ણય, ભામતિ, રત્નપ્રભા, વિગેરે ગ્રંથોનો વિચાર કીધો હોય તો દ્વિજ. જાતને (વિલાયતી વિગેરેના સંસર્ગવાળા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય,) સર્વથા કોઈ પણ પ્રકારનાં સંસર્ગથી બહિષ્કૃત કરી અપાત્ર ઠેરવેલા છે.

પ્રથમ મુદ્દાનું વિવેચન.

ચાંડાલ વિગેરેનું અન્ન ભક્ષણ કરનાર પોતે વટલે છે તે કોણ ?

चाण्डालान्त्य स्त्रियोगत्वाभुक्त्वा च प्रतिगृह्य च ।
पतत्यज्ञान तो विप्रो ज्ञानात्साम्यं तु गच्छति ॥

અર્થઃ—અંત્યજ એટલે ચાંડાલમાંની એક જાતિ અથવા ચાંડાલ તુલ્ય, આ સ્મૃતિ વચનમાં વિપ્ર, (બ્રાહ્મણ) વાચક પદ છે. એટલે બ્રાહ્મણ અજાણથી ચાંડાલ વિગેરેનું અન્ન ખાય અથવા તેનું દાન લે તો તે પતિત થાય છે, ને જાણી જોઈને જો ઉક્ત દોષો બ્રાહ્મણો કરે તો તે ચાંડાલ તુલ્ય બની જાય છે. એવું આ વચનનું તાત્પર્ય છે. ત્યારે ચાંડાલ તુલ્યતા પ્રાપ્ત થયા પછી

વીલાયતી દ્વિજને શુદ્ધ કરીને વ્યવહારમાં લઇ શકાશે કે કેમ તેનો વિચાર કરીએ—

अत्रप्रायश्चित्तेन पापनाशेऽपि वचनाञ्च व्यवहार्यता ॥

એવી પંક્તિ, પ્રાયશ્ચિત્તેન્દુશેખરમાં દ્વિજો ને ઉદ્દેશીને લખેલી છે. તે ઉપરથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, પ્રાયશ્ચિત્ત કીધા પછી પરલોક પૂરતાજ શુદ્ધ થાય છે. એટલે શાસ્ત્ર વચનથી લોક વ્યવહારમાં ભળી શકતા નથી. સારાંશ—દ્વિજ ભળી શકતા નથી પણ શૂદ્ર ભળી શકે છે, એ વાત ધ્યાનમાં રાખવી. તેમાં પ્રમાણ—

द्विजस्याब्धौतुनौयातुः शोधितस्याप्यसंग्रहः ॥

એવું વચન कलिवर्ज्यप्रकरणમાં છે આ વચનમાં દ્વિજ એવું પદ છે. એટલે પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઈ શકતા નથી. તે કોણ? અર્થાત્ જે દ્વિજ હોય તે. આ ઉપરના વચનથી શૂદ્ર પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઇ શકે છે અને તે ન્યાતમાં ખપી શકે છે. એ વાત સિદ્ધ થાય છે. અને તે જગત્પ્રસિદ્ધ છે; એ ધ્યાનમાં રાખવા જેવું છે. અને વિનતિ પત્રમાં ન્યાતમાં ખપે છે, એવા અક્ષર છે; તે ઉપરથી ન્યાતમાં ખપી શકનાર પુરૂષે પ્રાયશ્ચિત્ત લીધું તે અયોગ્ય કર્યું એમ કહી શકાતું નથી, તેમજ તે પ્રાયશ્ચિત્તમાં ભાગ લેનારે અવિહિત કર્મ કીધું એમ પણ કહી શકાશે નહિ. વિગેરે કારણોને લીધે ભાગ લેનાર બ્રાહ્મણોને નિર્દોષી ઠરાવ્યા શીવાય બીજો રસ્તો યોગ્ય લાગતો નથી.

બીજા મુદ્દાનું વિવેચન.

બ્રહ્મસૂત્ર— बहिस्तूभयथा स्मृतेराचाराच्च ॥

આ બ્રહ્મસૂત્ર અને તે ઉપરના શ્રીમત્ શંકરાચાર્યના ભાષ્ય ઉપરથી અંત્યજ વિગેરેના ભોજનાદિ સંસર્ગ કરનારને આરૂઢ પતિત ઠરાવેલો છે. એટલે ઉચ્ચ જાતિના માણસે સ્વવર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરીને અંત્યજ વીગેરેનું અન્ન ભક્ષણ કર્યું હોય તો તે પુરૂષને આરૂઢ પતિત ગણેલો છે. અર્થાત્ ઉચ્ચ જાતિનો નીચ જાતિ સાથે વટલી ગયેલો, તેની જોડે કોઈ પણ પ્રકારનો ભોજનાદિ સંસર્ગ કરવો તે દોષકારક ઠરે છે.

સારાંશ—બ્રાહ્મણાદી ઉચ્ચ જાતિમાં પેદા થઈને પછી નીચ જાતિમાં ભળેલો તે આરૂઢ પતિત કહેવાય છે.

आरुढो नैष्ठिकं धर्मं यस्तु प्रच्यवते पुनः ।
प्रायश्चित्तं न पश्यामि येन शुध्येत् स आत्मघ्न ॥

એવું વચન શ્રીમત્શંકરાચાર્યે આ ઠેકાણેના ભાષ્યમાં ટાંકેલું છે. અને તેથી આરૂઢ પતિતને સર્વથી બહિષ્કૃત ઠરાવેલો છે. અને તે આત્મઘાતકીને શુદ્ધ કરવાને પ્રાયશ્ચિત્ત મારા જોવામાં નથી. એવો વચનોપન્યાસદ્વારા ભાષ્યકારે પોતાનો અભિપ્રાય આપેલો છે. આ ઉપરથી વીલાયતી દ્વિજના સંસર્ગ કરનારાઓને ખાસ શરમાવા જેવું છે.

અને આનંદગીરિએ તો ન્યાય નિર્ણયમાં—

आरुढपतितं विप्रं मंडलाच्चाविनिःसृतम् ।
उद्बद्धं कृमिदष्टं च स्पृष्ट्वा चान्द्रायणं चरेत् ॥

આ વચન આપવાથી આરૂઢ પતિત એટલે વટલેલા બ્રાહ્મણનો કેવલ સ્પર્શ થયો હોય તો પણ ચાન્દ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવાનું લખેલું છે.

સારાંશ—અરજદારના ઉપર દોષારોપ કરનારા બ્રાહ્મણો વિલાયતીના સંસર્ગી છે, તેમણે અયોગ્ય કામ કરેલું છે—માટે તેઓનેજ આ સભા દોષીત ઠરાવે છે, માટે—

वपनं द्रविणादानम् स्थानान्निर्यापनं तथा ।
एष हि ब्रह्मबन्धूनां वधो नान्योऽस्ति दैहिकः ॥

આ વચનમાં द्रविणादानं એવું પદ છે. વીલાયતીનો પ્રતિગ્રહ કરનારા બ્રાહ્મણબન્ધૂઓએ લીધેલું અસત દ્રવ્ય પાછું આપીઇને શુદ્ધ થવું યોગ્ય છે.

સારાંશ—શોક એટલોજ છે કે આ નિરક્ષર ભટ્ટાચાર્ય લોક બિન ગુનેગારને ગુનેગાર ઠરાવી દેવામાં શૂરા છે, અને પોતે જ હમેશાં ધર્મનો વધ કરવામાં પૂરા છે. માટે તેમણે લીધેલો

દંડ પાછો આપી દેવો વ્યાજબી છે, કારણ–એમનો પ્રાયશ્ચિત્ત લેનાર યોગ્ય અધીકારી હતો, એ સ્પષ્ટ કરી મુકેલું છે.

વિગેરે મુદ્દાઓના વિવેચનથી વીલાયતીના સંસર્ગીઓએ પોતે પ્રતિગૃહિત અસત્ દ્રવ્યનો ત્યાગ કરી દેવો ઘટે છે. જાં સુધી સદર લોકો વિલાયતી પાતકી દ્રવ્યનો ત્યાગ કરે નહિ ત્યાં સુધી તે લોકો સાથે ભોજનાદિ સંસર્ગ વ્યવહાર અરજદારે કરવો નહિં. અને પોતાના ઉપર મિથ્યા મુકેલા આરોપથી થતી માનહાની બદ્દલ ઉચિત ઉપાય લેવા ઘટે છે, ઉપરની વાતનો ખુલાસો સભામાં અનેક વખત બોલીને સંભળાવી દેવામાં આવ્યો હતો, તે યાદ છે કે નહિં? સભાએ કરેલા ઠરાવનો આ સાર માત્ર ગૃહીત કીધો છે, અને એના સાંમે વાંધો હોય તેમણે એક માસની અંદર સભા બોલાવીને શાન્તિનો આદર કરવાથી શાસ્ત્ર વચને રજુ કરવા હરકત નથી. તા. ૮-૨-૧૯૧૩

विष्णु शास्त्री व्याकरणाचार्य

अमदावाद–संस्कृत पाठशाला.